# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

સંપાદક : નિર્વેદ આચાર્ય, પ્રકાશક : જય જિનેન્દ્ર પરિવાર, ૬૮ નિહારિકા બંગલોઝ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ.

RNI No. GUJGUJ10312 • Vol I, Issue 10 • 1-1-2003 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com

# શ્રી હિમાંશુસૂરીશ્વરજી મહારાજ : લીમડામાં એક ડાળ મીઠી

નખશીશ ચારિત્રશીલ, સપનામાંયે શાસનનું અહિત ન ઇચ્છી શકે એવા અને શાસનને મનસા, વાચા, કર્મણા સમર્પિત થોડાક આચાર્યો પૈકીના એક, પૂજ્યપાદ શ્રીહિમાંશુસૂરીશ્વરજી મહારાજ હવે આપણી વચ્ચે નથી એ વાત સ્વીકારવા મનને કેટલું બધું તૈયાર કરવું પડ્યું!

૯૬ વરસની જૈફ વયે કાળધર્મ પામેલા પૂજ્ય આચાર્ય શ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મહારાજ શેની માટે યાદ રહેશે? એમના વિશુદ્ધ આચરણ માટે? એમની દીર્ઘ અને કઠોર તપશ્ચર્યા માટે? સહસ્રામ્રવણ – સહસાવન – તીર્થના ઉદ્ધાર માટે? એમની કરુણાભીની આંખો માટે? કે પછી હાડોહાડ નીતરતી સરળતા માટે?

ના, તેઓ યાદ રહેશે શાસનમાં વ્યવસ્થા સ્થાપવા માટે તેમણે આદરેલા બીજીવારના અભિગ્રહ માટે.

બીજીવારનો અભિગ્રહ? બાત કુછ હજમ નહીં હુઈ? થોડો ફ્લેશબેક:

તિથિચર્ચાના કારણે પરમ તારક જૈનસંઘની સતત થતી નાલેશી, શ્રમણસંઘમાં માઝા મૂકી ચૂકેલા શિથિલાચાર અને તેને છાવરે રાખવાના લાગતા વળગતાઓના પ્રયત્નોના કારણે ઊભી થયેલી વિષમતા, જૈનસંઘની નિર્નાયકદશા, સાધ્વીઓના શીલની રક્ષાના ઉપસ્થિત થયેલા પ્રશ્નો, જૈન તીર્થો ઉપર અન્ય લોકોનો કબજો છતાં જૈન સંઘની તે પ્રશ્ન પરત્વે ઉપેક્ષા વગેરે બાબતોથી વ્યથિત થઈને આ મહાત્માએ સંવત ૨૦૩૯ના જેઠ મહિનામાં કઠોર અભિગ્રહ ધારણ કર્યો : 'જ્યાં સુધી શાસનના પ્રશ્નોનું નિરાકરણ નહીં થાય ત્યાં સુધી આયંબિલ કરીશ.'

વ્હીલચેરમાં બેસીને વિહાર(!) કરતા ૩૦ વરસના જુવાનજોધ સાધુ પાસે એમ કરવાનાં સેંકડો કારણ હાથવગાં હોય છે ત્યારે, ૯૬ વરસની જૈફ વય સુધી જેમની પાસે ડોળીમાં બેસવાનાંયે કોઈ કારણો નહોતાં એવા હોઠ સાજા તો ઉત્તર ઝાઝા જેવી આવડત(?) ન ધરાવતા પૂજ્યશ્રીએ કઠોર અભિગ્રહ ધારણ કર્યો ત્યારે એમની વય કેવડી હતી? પૂરાં છોંતેર વરસની! આરામ કરવાની આ ઉમ્મરે એમણે એક મિસાલરૂપ બની રહેનાર મિશન ઉપાડ્યું અને એ માટે તેઓ પોતાના જીવનને હોડમાં મૂકતાં અચકાયા નહીં. અનેક રોગોથી ઘેરાઈ ગયેલી કાયા, વયોવૃદ્ધ બનીને લથડી ગયેલું શરીર અને અશાતા વેદનીય કર્મની તીવ્રતા વચ્ચે પણ જ્યારે તેઓશ્રીએ આવો કઠોર અભિગ્રહ કર્યો ત્યારે શ્રીસંઘમાં હલચલ મચી જવી સ્વાભાવિક હતી. શ્રીસંઘના અનેક પૂજ્યોએ, ગૃહસ્થ આગેવાનોએ અને પોતાના જ પરિવારના અનેક મોભીઓએ પારણું કરી લેવાની ભાવભીની વિનંતી કરવા છતાં મહારાજશ્રી પોતાના અભિગ્રહમાં અટલ રહ્યા.

સંવત ૨૦૪૪માં અમદાવાદમાં કહેવાતું મુનિસમ્મેલન મળ્યા પછી શ્રીસંઘના આગળપડતા પૂજ્યોએ રીતસરનું વચન આપ્યું અને વડીલ આચાર્ય ભગવંતોએ તેમને પારણું કરવા આદેશ પણ આપ્યો. આ વચનપૂર્વકના આદેશને માન આપીને પૂજ્યશ્રીએ સંવત ૨૦૪૪ના અખાત્રીજના શુભ દિવસે ઇક્ષુરસ દ્વારા અખંડ ૧૭૫૧ આયંબિલનું પારણું કર્યું. 'સાધુનું વચન અફર હોય' એમ ભોળાભાવે માનીને પારણું કરનારા આ આચાર્યશ્રીને બે જ મહિનામાં પોતે છેતરાઈ ગયાની અનુભૂતિ થઈ ગઈ અને તે વરસના અષાઢ માસથી તેઓશ્રીએ ફરીથી પોતાના અભિગ્રહને અમલમાં મૂક્યો. આમ બીજી વાર કઠોર અભિગ્રહ ધારણ કરવા માટે મજબૂર થવું પડ્યું એ એમને પારણું કરવાની ફરજ પાડનાર જૈનશાસનના આચાર્યોની બોલીને ફરી જવાની બેધારી તલવારની નીતિનો પડઘો પાડે છે. એક વાત તો નક્કી છે કે જેમણે વચનો આપ્યાં હતાં તેઓ પોતાનાં વચનો પાળી શક્યા નહોતા અને એમને તે અંગેનાં કલ્પિત કારણો ગળે ઊતારવામાં સફળ રહ્યા નહોતા.

પ્રથમવાર પૂજ્યશ્રીએ કઠોર અભિગ્રહ કર્યો તે તો જૈન શાસનમાં એક અભૂતપૂર્વ બનાવ હતો જ, પરંતુ ખરેખર તો ૮૨ વરસની વૃદ્ધ અવસ્થાએ બીજી વાર એ જ કારણસર અભિગ્રહ ધારણ કરવો પડે એ તો થોડામાં ઘણુંબધું કહી જાય છે.

મહારાજશ્રીએ લીધેલા અભિગ્રહ પછી વીતેલાં વરસોમાં આજના જૈન સંઘની સ્થિતિ કેવી છે? તિથિનો પ્રશ્ન વધુ વિકટ બન્યો છે, શિથિલાચારે તો તે સમય કરતાં પણ વધારે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે, જૈન સંઘની નિર્નાયકદશા વધારે કરુણ અવસ્થાએ પહોંચી છે, તીર્થોની બાબતે કોઈ પ્રગતિ થઈ નથી એ તો ઠીક પણ ક્યાંક ક્યાંક તો તીર્થોના પ્રશ્નોમાં વધારે પીછેહઠ થઈ છે અને સાધ્વીઓના પ્રશ્નો? પહેલાં સાધ્વીઓના શીલની રક્ષાનો જ પ્રશ્ન હતો, હવે તો વાત એથીયે આગળ વધી ગઈ છે. [આ અંગે આ અંકમાં 'એક મુનિવરની ડાયરીમાંથી' એ વિભાગમાં મુનિવર 'શ્રી આનંદમૂર્તિ'એ રજૂ કરેલી ચોંકાવનારી વ્યથા તરફ વાચકોનું અમે ધ્યાન દોરીએ છીએ.]

ટૂંકમાં, પૂજ્ય આચાર્યશ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મહારાજે આદરેલા મિશનને ભારે ધક્કો પહોંચ્યો છે. માટે જ અમે પ્રારંભે નોંધ્યું છે કે બીજીવારના અભિગ્રહ માટે તેઓશ્રી સદાકાળ યાદ રહેશે.

અમે તો આ પૂર્વે જ તથાકથિત મુનિસમ્મેલનની નિષ્ફળતા માટે લખી ચૂક્યા છીએ (*જય જિનેન્દ્ર* ઑક્ટોબર, ૨૦૦૨). પૂજ્ય આચાર્ય શ્રી વિજયહિમાંશુસૂરીશ્વરજી મહારાજને એકનો એક અભિગ્રહ બીજી વાર લેવો પડ્યો તે પણ કથિત સમ્મેલનની નિષ્ફળતાને જ પૂરવાર કરે છે અને *જય જિનેન્દ્ર*ના વિચારોને જ પુષ્ટિ આપે છે. પૂજ્ય મહારાજશ્રીના પ્રથમવારના ૧૭૫૧ અને બીજી વારના ૫૦૦૦ ઉપરાંતના આયંબિલ માટે જવાબદાર કોણ, એ પ્રશ્ન ન ઉઠાવીએ તોય એમની ભાવનાને સાકાર કરવા માટે જિનશાસન પ્રત્યે લગાવ ધરાવનારા આચાર્યાદિ મુનિવરો પક્ષીય ભેદભાવોને એક બાજુ મૂકીને આગળ આવે અને જૈન શાસનમાં જે મેજર ઓપરેશનની જરૂરત ઊભી થઈ છે તે દિશામાં કાર્ય કરે એવી વિનંતી તો *જય જિનેન્દ્ર* અવશ્ય કરશે જ.

ગુણાનુવાદ સભાઓ ભરીને તેમનાં ચરણોમાં વંદના પાઠવી દેવાની ઔપચારિકતા કરવા કરતાં એ નક્કર કાર્ય જ એમની માટે સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે.

ચારે કોર કડવા લીંબડાઓની ભરમાર અને બોલબાલા વધી છે ત્યારે લીમડામાં એક ડાળ મીઠી જેવા પૂજનીય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મહારાજ જેવા આચાર્યાદિ મુનિવરો શાસનમાં પાકતા રહેશે ત્યાં સુધી હજી આપણું કંઈક પુણ્ય તપે છે એમ તો માનવું જ પડશે.

●



# દંભની ભયાનકતા : મહોપાધ્યાય યશોવિજયજીની નજરે

■ સંકલન : ડૉ. જિતેન્દ્ર બી. શાહ

*જય જિનેન્દ્રની અલ્પ સમયમાં જ લોકપ્રિય થયેલી કૉલમ 'અવતરણ'માં અમે ડૉ. જિતેન્દ્ર બી. શાહને આવકારતાં આનંદ અનુભવી રહ્યા છીએ. ખૂબ જ નાની વયમાં પોતાના ઊંડા અભ્યાસ અને નિર્મળ આચરણ દ્વારા જૈન સંઘમાં આદરભર્યું સ્થાન મેળવનારા ડૉ. જિતેન્દ્ર બી. શાહ આ અંકથી જય જિનેન્દ્રના પ્રબુદ્ધ અને વિચારશીલ વાચકોને પોતાના અનુભવ અને જ્ઞાનનો લાભ આપશે.*

♦ દંભ સહિત વ્રત ગ્રહણ કરીને પરમ પદ પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવનારની દશા લોઢાની નાવમાં બેસીને સમુદ્ર તરી જવાની ઇચ્છા રાખનાર નાવિક/યાત્રિક જેવી થાય છે.

♦ જેની આંખે અંધાપો હોય તેની સામે દીપક ધરવાનો શો અર્થ? જેના જીવનમાં દંભનો અંધાપો છે તેને વ્રત અને તપથી શો ફાયદો?

♦ જેમ શારડીથી મણિ વીંધાઈ જાય છે તેમ એકમાત્ર દંભથી કેશલોચ, ભૂમિશયન, ભિક્ષા, બ્રહ્મચર્યાદિ વ્રતો પણ છેદાઈ જાય છે.

♦ રસની લંપટતા છોડવી સરળ છે, દેહની આળપંપાળ ત્યાગવી સરળ છે, કામભોગોનો ત્યાગ પણ સરળ છે, પરંતુ દંભનો ત્યાગ દુષ્કર છે.

♦ બાલિશ લોકો પોતાના દોષો છુપાવવા માટે અને પૂજા, પ્રતિષ્ઠા મેળવવા માટે દંભનો આશ્રય લે છે, પરંતુ ખરેખર તો દંભથી તેઓ પીડા જ પામે છે.

♦ અસતી સ્ત્રીનું આચરણ હકીકતે તો તેના અસતીપણાને વધારનારૂં હોય છે, તે જ રીતે વેષધારીએ દંભથી આચરેલાં વ્રતો પણ તેનાં અવ્રતને વધારનારાં જ થાય છે.

♦ બાલિશો દંભના ચરિતને જાણવા છતાં, દંભમાં જ વિશ્વાસ ધરીને બેઠા હોવાથી, દંભને લીધે જ ડગલે ને પગલે દુઃખી થાય છે.

♦ અહો! મોહની કેવી ગજબની લીલા છે! જેવી રીતે કાજળથી સૌંદર્ય નષ્ટ થાય, તેવી જ રીતે તે મોહ ભાગવતી દીક્ષાને પણ દંભ વડે દૂષિત કરે છે.

♦ કમળ ઉપર હિમ, શરીરમાં રોગ, વનમાં આગ, દિવસે અંધારૂં, ગ્રંથ પ્રત્યે અજ્ઞાનતા, સુખ પ્રતિ કલહ ઉપદ્રવરૂપ છે તેવી જ રીતે ધર્મને વિષે દંભ ઉપદ્રવરૂપ છે.

♦ જો મૂલ ગુણ અને ઉત્તર ગુણને ધારણ કરવાની ક્ષમતા ન હોય તો દંભ પૂર્વક વ્રતનું પાલન કરવા કરતાં શ્રાવકપણું જ ઉપકારક ગણાય.

**દંભ**

- *મુક્તિરૂપી વેલને બાળી નાખવા માટે અગ્નિ સમાન છે.*
- *ક્રિયારૂપી ચંદ્રને ગ્રસી લેનાર રાહુ સમાન છે.*
- *સુખમાં બાધા ઊભી કરનાર લોખંડની બેડી સમાન છે.*
- *જ્ઞાનરૂપી પર્વતને ભેદી નાખવામાં વજ્ર સમાન છે.*
- *કામરૂપી અગ્નિને ઉત્તેજિત કરવામાં ઘી સમાન છે.*
- *વ્રતરૂપી લક્ષ્મીને ચોરી લેનાર ચોર સમાન છે.*

♦ જિનશાસન પ્રત્યે રાગવાળો સાધુ કદાચ સાધુપણું ન છોડી શકે તો પણ તેણે સંવિગ્નપાક્ષિક થઈને સાધુસેવક બનવું.

♦ ક્રિયામાં મંદતા હોય પરંતુ આચારમાં નિર્દંભ હોય, શુદ્ધ અર્થ કહેનાર હોય, ગુણોનો રાગી હોય તો તેનો થોડો પણ સંયમ ઘણી મોટી નિર્જરા કરે છે.

♦ જે સાધક વ્રતનો ભાર સહન કરવાનું પોતાનું અસામર્થ્ય જાણતો હોવા છતાં દંભથી પોતે સંયમી છે તેમ દેખાડતો હોય તો તેનું નામ લેવું પણ પાપરૂપ છે.

♦ જેઓ કાલોચિત યતના કરતા નથી તેવા યતિનામધારી દાંભિકો આ જગતને છેતરે છે.

♦ પોતે ધર્મી છે એવું દેખાડવા પોતાના દોષોને છુપાવતા દંભી લોકો જગતને તૃણ સમાન ગણે છે.

♦ દંભી સાધક આત્મોત્કર્ષથી અને બીજાના અપવાદથી યોગજન્મને બાધક એવું કઠિન કર્મ બાંધે છે માટે આત્માર્થી સાધકે અનર્થના કારણભૂત દંભનો ત્યાગ કરવો જોઈએ, કેમકે આગમમાં પણ જણાવ્યું છે કે સરળ માણસની જ શુદ્ધિ થાય છે.

♦ જિનેશ્વરોએ એકાંતે અનુજ્ઞા કરી નથી, તેવી જ રીતે એકાન્તે નિષેધ નથી કર્યો, પરંતુ પરમાત્માની સાચી આજ્ઞા તો દંભ રહિત થઈને કાર્ય કરવું એવી છે.

♦ જેવી રીતે નાનું છિદ્ર પણ નાવને ડુબાડે છે તેવી રીતે નાનો સરખો દંભ પણ સાધનાને નષ્ટ કરી દે છે. માટે અધ્યાત્મમાં રત સાધકને લેશમાત્ર દંભ કરવો ઉચિત નથી.

♦ થોડો પણ દંભ મહાત્માઓને અનર્થ માટે થાય છે માટે તેનો ત્યાગ કરવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

***– તમામ અવતરણો અધ્યાત્મસારમાંથી સંકલિત***

## 'દંભ દુર્ભાગ્યનું કારણ છે. દંભ આપત્તિઓનો મિત્ર છે.' દંભી ધાર્મિકો માટે અધ્યાત્મસાર શું કહે છે?

*ધર્મના ક્ષેત્રમાં પોતાને મળેલી પ્રખ્યાતિના જોરે પોતાનાં દુષ્કૃત્યોને ઢાંકનાર દંભી મુનિ પોતે જ હીન હોવા છતાં કપટના સહારે આ જગતને જ હીન – તણખલા જેવું તુચ્છ – માને છે!*

## એ બધું.... કે જે ન તો હું પૂછી શકું છું, ન તમે પૂછી શકો છો!

**એક** વ્યક્તિ જ્યારે આત્મકલ્યાણના માર્ગે જવા નીકળે છે ત્યારે તેનાં મન, વાણી અને વર્તન કઈ ઊંચાઈ ઉપર હોય છે? આ જ વ્યક્તિ જ્યારે ભવિષ્યમાં આચાર્ય બને છે ત્યારે તેનાં મન, વાણી અને વર્તન કઈ ઊંચાઈ ઉપર હોય છે? આ પ્રશ્નનો અભ્યાસ કરવા જેવો છે. પરિવાર વધારવાની ગણતરીથી યેન કેન પ્રકારેણ અપાયેલી દીક્ષાની આપણે વાત નથી કરતા. એવી રીતે અપાયેલી દીક્ષા વિષેના અભ્યાસમાં કોઈ પોતાનો કીમતી સમય ન બગાડે. વાત કહેવાતા વૈરાગ્યથી અપાયેલી દીક્ષાની છે. ત્યાગના માર્ગે આગળ વધવા માટે ઘરબાર, પરિવાર, મિત્રો અને અમાપ-અખૂટ ધનસંપત્તિ છોડીને જ્યારે કોઈ વ્યક્તિ દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે, દીક્ષાના પ્રથમ દિવસે એની માનસિક સ્થિતિ કેવી હોય છે? મને ઘણીવાર સરખામણી કરવાનું મન થાય છે : લગ્નના પ્રથમ દિવસે કોડભરી કન્યા અને નવેનવા વરરાજાની માનસિક સ્થિતિ કેવી હોય છે અને લગ્નનાં બે વરસ પછી એમના સંસારની હાલત કેવી હોય છે?

એક સાધુ જ્યારે આચાર્ય બને છે ત્યાર પહેલાં તે અનેક સારા નરસા બનાવોમાંથી પસાર થાય છે. તેને મળેલા ગુરુ, તેની ગુરુપરંપરા, તેના પરિવારમાંનું આંતરિક વાતાવરણ; આ બધી બાબતો તેના જીવન ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. ગુરુ જો નિખાલસ, નિર્દંભ અને આચારવિશુદ્ધિની ખેવના રાખવાવાળા હોય તો સામાન્ય સંયોગોમાં શિષ્યનું ઘડતર સારી રીતે થાય છે. આવા ગુરુના હાથ નીચે ઘડાયેલો શિષ્ય નિભાડામાંથી તવાઈને બહાર આવેલા પાકા ઘડા જેવો બની રહે છે. પણ જો ગુરુ આચારહીન, દંભી કે કાવાદાવામાં રાચ્યા કરનારા હોય તો શિષ્ય પણ એ જ લાઇનમાં તેમનાથી પણ સવાયો પૂરવાર થાય છે. દૂરના અને નજીકના ભૂતકાળમાં વર્તમાનપત્રોમાં ચમકી ગયેલાં સાધુઓનાં કૌભાંડો શું પૂરવાર કરે છે? કોઈ સાધુ છોકરીને લઈને ફરાર થઈ જાય છે. કોઈ સાધુ બે ચાર કિલો સોનું લઈને ફરાર થઈ જાય છે. કોઈ સાધુ ઝેર પીવાનાં ત્રાગાં કરે છે. કેટલાક સાધુઓ છાનામાનાં લગ્ન કરીને ઘર માંડે છે. કેટલાક સાધુઓ ટોળકી બનાવીને એક જ સ્ત્રી સાથે ભાગીદારીમાં સેક્સ માણે છે, પછી એ પરિવારમાં 'તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ'વાળો સિદ્ધાંત અલિખિતરૂપે અમલમાં આવે છે. આવા બનાવો બને ત્યારે એમના કહેવાતા વડીલોનો પ્રત્યાઘાત કેવો હોય છે? આવા સમયે એમના વડીલ આચાર્યોએ આપેલા ખુલાસા, લૂલા બચાવો અને તેમણે રજૂ કરેલા તરંગી તર્કોનો અભ્યાસ કરવા જેવો છે. મજા તો ત્યારે આવે છે કે જ્યારે કહેતા ભી દિવાના અને સુનતા ભી દિવાનાવાળી કહેવત સાચી ઠરે છે. આચાર્યશ્રીઓના બુદ્ધિહીન ખુલાસાઓ અને અર્થહીન ચોખવટોને તેમના અનુયાયીઓ અને ભક્તજનો મૂંડી હલાવીને સમર્થન આપે છે!

કેટલાંક સેમ્પલ જોઈએ : એક આચાર્ય માટે એમ કહેવાય છે કે તેમને કોઈ શાસનદેવ હાજરાહજૂર છે. છોકરી અને સોનું લઈને ફરાર થઈ ગયેલા તેમના શિષ્યો અંગે આ શાસનદેવે એમને આગોતરી માહિતી આપી હતી કે કેમ તે આપણે નથી જાણતા. આટલું બધું સોનું આ સાધુઓ પાસે ક્યાંથી આવ્યું તે અંગે પણ આપણે કશું નથી જાણતા. આ સોનું દેવદ્રવ્યનું હતું, જ્ઞાનદ્રવ્યનું હતું કે અન્ય કોઈ દ્રવ્યનું હતું તે તો તેઓ જ કહી શકે. જે પરિવારમાં આવાં નાટકો ચાલતાં હોય તે પરિવારના મોભીને શાસનદેવ કેવી રીતે હાજરાહજૂર હોય તે પણ આપણે નથી જાણતા. કહે છે કે એક આચાર્ય પોતાના ભક્તોના પુત્રોને હથેળીમાં શાસનદેવનાં દર્શન કરાવે છે (હથેળીમાં ચાંદ?!). આ આચાર્ય પોતાની પીઠ પાછળ શું રંધાય છે તેનાં તો દર્શન કરી શકતા નથી પણ બીજાનાં બાળકોના હાથના અંગૂઠાના નખમાં તેઓ શાસનદેવનાં દર્શન કરાવી શકે છે! કોણ કહે છે કે આ કાળમાં ચમત્કારો બનતા નથી! આવા જ કોઈ આચાર્યનો કોઈ શિષ્ય કોઈ છોકરીને પામવામાં નિષ્ફળ જાય અને તેનો જ કોઈ ગુરુબંધુ પેલી છેકરીને ઉઠાવી જાય એ બાબતની આવા આચાર્યને કંઈ ખબર હોય છે કે કેમ તે આપણે નથી જાણતા. રામનું સપનું ભરતને ફળે ત્યારે રામ તો આપઘાત નથી કરતા પણ સપનાની સુંદરીને પોતાનો જ ગુરુબંધુ ઉઠાવી જાય ત્યારે આવા સાધુને ઝેર પીને આપઘાત કરવાનાં ત્રાગાં કેમ કરવાં પડે છે તે પણ આપણે ક્યાં જાણી શકીએ છીએ! આવું બધું બને ત્યારે પેલા આચાર્ય શું ખુલાસા કરે છે? ભગવાન જાણે! એમણે કરેલા ખુલાસાઓ આપણા શ્રાવક સમાજને ગરમાગરમ શીરાની જેમ કેમ ગળે ઊતરી જાય છે તે તો એ બુદ્ધિજીવી આત્માઓ જ જાણે. આચાર્ય ભગવંતોના અનાહત નાદને સાંભળીને સમજી શકવાનું આપણું શું ગજું!

કોઈ આચાર્યપદે પહોંચેલ વ્યક્તિ છાને ખૂણે લગ્ન કરી 'નૌ દો ગ્યારહ' થઈ જાય છે તે બાબતની આગોતરી ખબર તેના આખા પરિવારને, તેમની દ્વારા સંચાલિત ટ્રસ્ટના ટ્રસ્ટીઓને અને તેમના અંગત ભક્તોને તો હોય છે, પરંતુ છોકરી ઉપરાંત કેટલાક લાખ રૂપિયા લઈને ભાગી છૂટેલા આ શિષ્યના ગુરુ કમ આચાર્યને માત્ર એટલી જ ખબર હોય છે કે તેનો શિષ્ય 'કોઈ અજ્ઞાત સ્થળે' સાધના કરવા ગયો છે! તેઓશ્રી 'સાધના' કરીને 'ક્યારે પાછા પધારવાના' છે તેવું તો તેમના અંગત ભક્તોય તેમને પૂછી શકતા નથી તો આપણે તો પૂછવાવાળા કોણ? તેમનો શિષ્ય જૈનશાસનના કયા આગમની કઈ આજ્ઞાના સહારે ચાલુ ચોમાસામાં સાધના કરવા કેમ ઊપડી ગયો તેવું તો આપણાથી તેમને કેવી રીતે પૂછી શકાય! આપણાથી તો એ પણ પૂછી શકાતું નથી કે સાહેબજી! આપે ચતુર્વિધ સંઘની સાક્ષીએ લીધેલા બીજા મહાવ્રતની દફનવિધિ કયા કબ્રસ્તાનમાં કરી છે! પછી 'एके व्रते भग्ने सर्वाणि व्रतानि भग्नानि' જેવાં શાસ્ત્રવાક્યોનો શબ્દાર્થ કે ભાવાર્થ કે વાચ્યાર્થ પૂછવાનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો!

કોઈ આચાર્ય કોઈ સાધ્વીને પ્રેગ્નંટ કરીને ગભરાટના માર્યા તેના અંગત ભક્તનો સંપર્ક સાધે છે ત્યારે શું બને છે? ત્યારે આ દુનિયામાં સત્ય, અહિંસા અને અચૌર્યથી માંડીને બધાં જ વ્રતો છાને ખૂણે બેસીને પોક મૂકીને રડે છે. કમનસીબે આ રુદનનો અવાજ કોઈને સંભળાતો નથી. જેમને સંભળાય છે એવા શ્રીસંઘના જાતે બની બેઠેલા આગેવાનો, ચોવટિયાઓ અને દલાલો કમ ચમચાઓ એ રુદનને બેન્ડવાજાંઓના અવાજો નીચે દબાવી દે છે. પાપી ઇન્કમકા સવાલ હૈ. અને લાગતી વળગતી સાધ્વીની પ્રેગ્નંસીનો નિકાલ – અબૉર્શન – કરવા માટે જેમનો સંપર્ક સાધવામાં આવ્યો હોય તેવા ભક્તજનો શું કરે છે? તેઓ શું કરે છે એ લખવાની આ જગ્યા નથી. ચારિત્રનો ભંગ તો ઠીક છે મારા ભઈ, એ તો હોય એના ચારિત્રનો ભંગ થાય, પણ પેલા નહીં જન્મેલા બાળકની હત્યા, પંચેન્દ્રિય જીવનો ઘાતકી વધ, ભ્રૂણહત્યા જેવાં પાપો પણ સાધુવેષમાં રહીને કરાતાં રહે તો પણ લાગતા વળગતા આચાર્યો આપણને પાટ ઉપર બેસીને અહિંસાનો ઉપદેશ આપશે, એક વખતના સંભોગમાં કેટલા લાખ પંચેન્દ્રિય જીવની હત્યા થાય તેના આંકડા શાસ્ત્રમાંથી શોધીને આપણને આપશે, પાંચ ઇન્દ્રિયોના પચ્ચીસ વિષયોમાં આસક્ત જીવની કેવી ભયાનક દુર્ગતિ થાય છે તે આપણને સમજાવશે (શાસ્ત્રોના આધારે સ્તો!). એમ છતાં આપણે એમને પૂછી નહીં શકીએ કે બાપજી, તમે તમારા જીવનમાં કેટલા કરોડ જીવોને અત્યાર સુધી સ્વધામ પહોંચાડ્યા હશે?

વર્તમાનપત્રોમાં પાપી સાધુઓનાં કુકર્મો ચમકે ત્યારે જેમને શાસનની હીલના થતી લાગે છે એવા દંભી શાસનપ્રેમીઓને પૂછવું જોઈએ કે ખરેખર તમે શાસનની હીલનાથી ડરો છો કે તમારી અંગત બદનામીથી ડરો છો? પણ આપણાથી આવું પૂછી શકાતું નથી. આપણાથી એમ પણ પૂછી શકાતું નથી કે તમને શાસનનો આટલો બધો પ્રેમ ઊભરાઈ ગયો હોય તો એવી શાસનહીલના થાય જ નહીં તે માટે તમે શું કર્યું? આવી શાસનહીલના થવાની તૈયારીઓ થઈ ચૂકી હોવાની તમને જાણ થઈ ગઈ હોય છતાં તમે ખટપટીયા, ભોગલાલસુ, દંભી, દુરાચારી શિષ્યોનો બચાવ કરવા મેદાને પડો છો, રૂપિયાની થેલીઓ ખુલ્લી મૂકો છો અને પછી તેમનાં પાપો ખુલ્લાં પડે ત્યારે લાગતા વળગતા શિષ્યો સામે પગલાં લેવાના બદલે આ બધું કોણે બહાર પાડ્યું? એની ચિંતા કરો છો. તમારા અંધભક્તો પણ તમને એમાં તમને આંધળો સહકાર આપે છે અને 'શાસનની હીલના કરનારને મારો, કાપો'ના પોકારો કરે છે, કારણ કે 'શાસન ખતરેમેં હૈ!' તેઓ કાળા રસ્તે કમાયેલા પૈસા એનાથી યે વધારે કાળા રસ્તે વાપરે છે. વર્તમાનપત્રોના રિપોર્ટરોને 'મેનેજ' કરવાનાં હવાતિયાં મારે છે! પૂરાવાઓ નાશ કરવા આકાશ-પાતાળ એક કરે છે! 'અમારા મહારાજ સાહેબ તો બોયાં ય નથી ને ચાયાં ય નથી'ની નૌટંકી ભજવે છે. આ નૌટંકી આપણે વગર ટિકિટ ખરીદ્યે જોઈ શકીએ છીએ.

ના, તેઓ આમ શા માટે કરે છે તે આપણાથી પૂછી શકાતું નથી! આવું બધું પૂછીએ તો શાસનની હીલના થાય, ભાઈ!

**– આનંદમૂર્તિ**

પાંચ વરસથી સો વરસનાં બાળકો માટે...

# જય જિનેન્દ્રની પાઠશાળા

## ચાલો, આપણે આપણા ધર્મને ઓળખીએ

### પાઠ બીજો

### આપણે આપણી ભાષા સુધારીએ.

બાળદોસ્તો, તમે ઘણીવાર ગુરુ ભગવંત પાસે જતા હશો. આપણા ગુરુ ભગવંત એટલે : મહારાજ સાહેબ, સાધુ ભગવંત, પૂજ્યશ્રી, ગુરુ મહારાજ, મુનિરાજ. આ બધા આપણા ગુરુ ભગવંતને ઓળખાવનારા શબ્દો છે. બીજા પણ ઘણા શબ્દો છે.

આપણા ગુરુ ભગવંતો પાસે જવાનું થાય ત્યારે આપણે વાતચીતમાં કેવી ભાષા વાપરવી જોઈએ તે આજે શીખીશું.

ગુરુ ભગવંતને **'તમે'** નહીં પરંતુ **'આપ'** એમ કહેવાની ટેવ પાડો.

*'ખાઈ લીધું,' 'જમી લીધું'* એવું ગુરુ ભગવંતને પૂછાય નહીં. એ જાણવું જ હોય તો *'આપે વાપરી લીધું?'* એમ પૂછી શકાય.

આવી રીતે ખોટી ભાષા અને સાચી ભાષા સમજો અને પછી તેને અમલમાં મૂકો. થોડાક દાખલા :

- **ખોટી ભાષા :** તમે મારા ઘરે આવશો?
  **સાચી ભાષા :** આપ મારા ઘરે પધારશો?
- **ખોટી ભાષા :** તમે ક્યાં રહો છો?
  **સાચી ભાષા :** આપ ક્યાં બિરાજો છો?
- **ખોટી ભાષા :** ગુરુજીને *'જય જિનેન્દ્ર'* કહેવાય નહીં.
  **સાચી ભાષા :** ગુરુજીને *'મત્થએણ વંદામિ'* કહેવાય.
- **ખોટી ભાષા :** તમે મજામાં છો? આપ મજામાં છો?
  **સાચી ભાષા :** આપ શાતામાં છો? આપશ્રી શાતામાં છો?
- **ખોટી ભાષા :** આપને કંઈ જોઈતું હોય તો મને કહેજો.
  **સાચી ભાષા :** આપને કંઈ ખપ હોય તો મને લાભ આપજો.
- **ખોટી ભાષા :** આપ હવે અહીંથી ક્યાં જવાના છો?
  **સાચી ભાષા :** અહીંથી આપનો વિહાર કઈ તરફ છે?
- **ખોટી ભાષા :** આવો. અથવા આવો, આવો.
  **સાચી ભાષા :** પધારો. અથવા પધારો, પધારો.
- **ખોટી ભાષા :** બેસો.
  **સાચી ભાષા :** બિરાજો.
- **ખોટી ભાષા :** મારા ઘરે ખાવાનું લેવા ચાલો.
  **સાચી ભાષા :** મારા ઘરે ગોચરી વહોરવા પધારો.

***તમારી કુટેવો બદલો :***

ગુરુ ભગવંતને અહીં કેટલું રોકાવાના છો? અહીં કેટલા દિવસ રહેવાના છો? કેટલા ઠાણા છો? કયા સમુદાયના છો? અહીંથી ક્યારે જવાના છો? વગેરે પ્રશ્નો પૂછવાનું ટાળો.

આ બધા પ્રશ્નો શિષ્ટાચાર વગરના છે. તમે જ્યારે ગુરુ ભગવંતને આવા સવાલો કરો છો ત્યારે તેઓશ્રીને અંદરથી ખબર પડી જાય છે કે તમારામાં જૈન સંસ્કારોની ઘણી જ ખામી છે.

તમે જ્યારે સારી ભાષા વાપરો છો ત્યારે પણ ગુરુદેવને ખબર પડી જાય છે કે તમારામાં જૈનત્વના સંસ્કારો સારામાં સારી રીતે કેળવાયા છે. સુંદર ભાષાથી તમે તરત જ ગુરુદેવના હૈયે વસી જાઓ છો એ ભૂલશો નહીં. તમારો શિષ્ટાચાર કુદરતી જ હોય તે તરફ ધ્યાન આપો. બનાવટી કે નકલી શિષ્ટાચારને ગુરુદેવ તરત જ પારખી જશે.

## ડૂબતા બાળકની ચીસો સાંભળીને સાધુએ શું કર્યું?

સંત જ્ઞાનેશ્વર નદીકિનારે ફરી રહ્યા હતા. એ વખતે એક બાળક પણ નદીમાં સ્નાન કરી રહ્યો હતો. અચાનક બાળકનો પગ લપસ્યો અને બાળક નદીમાં ડૂબવા લાગ્યો અને બચાવો બચાવોની ચીસ પાડવા લાગ્યો.

સંત જ્ઞાનેશ્વર નદીમાં કૂદી પડ્યા અને બાળકને બહાર કાઢી લાવ્યા.

એ નદીકિનારે જ એક સાધુ સાધના કરતા હતા. સંત જ્ઞાનેશ્વરે એમને પૂછ્યું : 'તમે બાળકની ચીસો સાંભળી હતી?'

'હા, મેં ચીસ તો સાંભળી હતી, પરંતુ મારી સાધનામાં વિક્ષેપ ઊભો ન થાય માટે મેં આંખો બંધ કરીને જાપ ચાલુ રાખ્યા હતા.' સાધુએ જવાબ આપ્યો.

'શું તમને તમારી સાધનાથી ઈશ્વરનો સાક્ષાત્કાર થયો છે ખરો?' જ્ઞાનેશ્વરનો પ્રશ્ન.

'ના, મારૂં મન જપમાં સ્થિર જ થતું નથી.' સાધુનો જવાબ.

'તમે પહેલાં તો દીન-દુ:ખીજનોની સેવા કરો. ધર્મનું પહેલું પગથિયું માનવતા છે. જ્યાં સુધી જીવનમાં કરુણા પ્રગટ થઈ નથી ત્યાં સુધી મોક્ષના દ્વારે કેવી રીતે પહોંચશો? કરુણા વિનાની સાધના અને મંત્રજપ, એ બધું જ નકામું છે.' જ્ઞાનેશ્વરના બોધથી સાધુને પોતાની ભૂલ સમજાઈ ગઈ અને તરત જ તેમના પગમાં પડીને માફી માગી.

બાળદોસ્તો, દીપિકા, ચાંગદેવ પાસષ્ઠી અને અમૃતાનુભવ જેવા ગ્રંથોમાં ભક્તિ સંપ્રદાયના પ્રવર્તક સંત જ્ઞાનેશ્વરનું ચિંતન પ્રગટ થયું છે.

## આ કામની વાતો છે, તમારી નોટમાં લખી લો.

### સાચો અર્થ

**ધારદાર તલવાર :** ગુસ્સામાં બોલાયેલાં વચનો
**કાતિલ ઝેર :** લોભ
**ભયાનક આગ :** વાસના
**અંધારી રાત :** અજ્ઞાન
**વધુ દુ:ખ કોને થાય? :** વ્યસન કરનારને
**રક્ષણ કરનારી અદ્‌ભુત ઢાલ :** ધીરજ
**શ્રેષ્ઠ સાધન :** ડહાપણ
**ભયાનક વિચાર :** કુવિચાર
**મૂલ્યવાન ખજાનો :** સદ્‌ગુણો
**સુંદર શું? :** ભલાઈ
**કદરૂપું શું? :** બુરાઈ

***શ્રીમતી વીરબાળાબેન શાહ(ભારતી સોસાયટી, અમદાવાદ)***

***

### ક્વિઝ ટાઈમ

ગયા અંકનો જવાબ

માણસ જ્યાં ઊભો છે ત્યાં સામી દિવાલે આરીસો લાગેલો હોવાથી આમ બને છે.

●●●

### હસજો, પણ જરા ધીમેથી

**પપ્પા :** 'બેટા, તું શું કરી રહ્યો છે?'
**પિન્ટુ :** 'પપ્પા, હું નાની બહેનને કાગળ લખી રહ્યો છું.'
**પપ્પા :** 'પણ તને લખતાં ક્યાં આવડે છે?'
**પિન્ટુ :** 'તો શું થયું? બહેનને પણ વાંચતાં ક્યાં આવડે છે!'

*– **શ્રેયાંસ આર. જોધાણી** (વસ્ત્રાપુર, અમદાવાદ)*


તમે જય જિનેન્દ્રના મેમ્બર બની ગયા?
જય જિનેન્દ્ર : **વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**
પાંચસો રૂપિયા ભરીને આજે જ સભ્ય બનો અને ડ્રૉ યોજનામાં સામેલ થાઓ.
સોના ચાંદીનાં ઇનામો તમારી જ રાહ જોઈ રહ્યાં છે.

સમાધાનદાતા : પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

**૧૦. તપના એક દુહામાં *'પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ'* એમ કહેવાયું છે. તો આ પચાસ લબ્ધિઓ કઈ? કારણ કે આમ તો લબ્ધિઓ અડતાલીસ છે તેવું અવારનવાર કાને પડે છે.**

એ પચાસ લબ્ધિઓ નીચે મુજબ છે (દરેક નામ પાછળ લબ્ધિ શબ્દ જાતે ઉમેરી લેવો, જેમકે જિનલબ્ધિ વગેરે).

૧. જિન, ૨. અવધિજિન, ૩. પરમાવધિજિન, ૪. અનંતાવધિજિન, ૫. અનંતાનંતાવધિજિન, ૬. સર્વાવધિજિન, ૭. બીજબુદ્ધિ, ૮. કોષ્ઠબુદ્ધિ, ૯. પદાનુસારી, ૧૦. સંભિન્નશ્રોત, ૧૧. ક્ષીરાશ્રવ, ૧૨. મધ્વાશ્રવ, ૧૩. અમૃતાશ્રવ, ૧૪. અક્ષીણમહાનસ, ૧૫. આમર્ષૌષધિ, ૧૬. વિપ્રુડૌષધિ, ૧૭. ખેલૌષધિ, ૧૮. જલ્લૌષધિ, ૧૯. સર્વૌષધિ, ૨૦. વૈક્રિય, ૨૧. સર્વ, ૨૨. ઋજુમતિ, ૨૩. વિપુલમતિ, ૨૪. જંઘાચારણ, ૨૫. વિદ્યાચારણ, ૨૬. પ્રજ્ઞાશ્રમણ, ૨૭. વિદ્યાસિદ્ધિ, ૨૮. આકાશગામી, ૨૯. તપ્તલેશ્યા, ૩૦. શીતલેશ્યા, ૩૧. તેજોલેશ્યા, ૩૨. વચનસિદ્ધિ, ૩૩. આશીવિષ, ૩૪. દૃષ્ટિવિષ, ૩૫. ચારણસ્વપ્ન, ૩૬. મહાસ્વપ્ન, ૩૭. તેજોઅગ્નિસર્ગ, ૩૮. વાદી, ૩૯. અષ્ટાંગનિમિત્ત, ૪૦. પ્રતિમાપ્રતિપન્ન, ૪૧. જિનકલ્પપ્રતિપન્ન, ૪૨. અણિમાદિસિદ્ધિ, ૪૩. શ્રામણ્ય, ૪૪. ભવસ્થકેવલી, ૪૫. અભવસ્થકેવલી, ૪૬. ઉગ્રતપ, ૪૭. દીપ્તતપ, ૪૮. ચતુર્દશપૂર્વિત્વ, ૪૯. દશપૂર્વિત્વ, ૫૦. એકાદશાંગધારિત્વ.

**૧૧. મારે પાંચમા નિહ્નવ અંગે સામાન્ય માહિતી જોઈએ છે.**

શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૨૨૮ વરસે ગંગદેવ નામના પાંચમા નિહ્નવ થયા. તેઓ આર્ય મહાગિરિના શિષ્ય આર્ય ધનગુપ્તના શિષ્ય હતા. *'જીવ એક જ સમયે બે ક્રિયાઓનું વેદન કરે છે'* એવી પ્રરૂપણા કરવાના કારણે તેઓ નિહ્નવ ગણાયા. જો કે પાછળથી રાજગૃહી નગરીમાં મણિનાગ નામના યક્ષ દ્વારા તેમનો પ્રતિબોધ થતાં તેઓએ પોતાની માન્યતા ત્યજી દીધી હતી.

**૧૨. શ્રુતકેવલીનો શો અર્થ થાય છે?**

શ્રુતના આધારે કેવલજ્ઞાની જેવી જ પ્રરૂપણા કરી શકે તેને શ્રુતકેવલી કહેવાય છે.

**૧૩. સંપરાય શબ્દથી શું લેવાય છે?**

પ્રચલિત વ્યવહાર પ્રમાણે સંપરાય શબ્દથી સામાન્ય રીતે 'કષાય' લેવાય છે. 'सम्परायाः कषायाः।'— સ્થાનાંગ વૃત્તિ, અધ્ય. ૨, ઉદ્દેશ ૧.

ઉત્તરાધ્યયનમાં તેનો ઉપયોગ 'સંસાર'ના અર્થમાં પણ થયો છે. 'न पारए होइ हु संपराए।'— ઉત્તરાધ્યય સૂત્ર, અધ્ય. ૨૦, ગાથા ૪૧.

આ ઉપરાંત 'યુદ્ધ'ના અર્થમાં પણ સંપરાય શબ્દ જૈનાગમોમાં વપરાયો છે. 'पोतवहणसंपराएसु कयकरणा लद्धविजया' એવું વર્ણન જ્ઞાતાધર્મકથાંગના માકંદી અધ્યયનમાં છે. અહીં સંપરાય શબ્દ 'યુદ્ધ'ના અર્થમાં પ્રયોજાયો છે.

**અનુસંધાન ૮મા પાનાનું ચાલુ**

કેટલાંક વરસોમાં જૈન શિક્ષકોની આ સંસ્થાએ જે પ્રગતિ સાધી છે તેમાં પૂજનીય આચાર્યશ્રીનું અમૂલ્ય પ્રદાન રહ્યું છે. આગામી સમયમાં સંસ્થાનો વધુને વધુ વિકાસ કઈ રીતે થાય તે અંગે ગામેગામથી પધારેલા પંડિતજનો અને આમંત્રિતોએ બહુમૂલ્ય સૂચનો કર્યાં હતાં, જેમાંનાં ઘણાં ઉપયોગી સૂચનોનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. અધિવેશનના સમાપન પછી સંસ્થાના પ્રેરણાસ્રોત સમા પૂજનીય આચાર્ય શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રી નંદાસણથી વિહાર કરી મહેસાણા તીર્થે પધાર્યા હતા.

★ **પૂ**જ્યપાદ પરમ શાસનપ્રભાવક ગચ્છાધિપતિ આચાર્ય શ્રીસુબોધસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીનો ૮૧મો જન્મદિવસ ઉત્તર ગુજરાતના આજોલ મુકામે ધામધૂમ સાથે ઉજવાઈ ગયો. આ પ્રસંગે સમગ્ર આજોલ ગામ હિલોળે ચડ્યું હતું. મુંબઈ, અમદાવાદ વગેરે મહાનગરોમાંથી ભાવિકો આ જન્મદિનની ઊજવણીમાં ભાગ લેવા ઉમળકાભેર પધાર્યા હતા અને પૂજ્યપાદ આચાર્ય ભગવંતને દીર્ઘાયુનાં વધામણાં કર્યાં હતાં. માગસર વદ ૧૦ના દિવસે પૂજ્ય મહારાજશ્રી ૮૧મા વરસમાં પ્રવેશ્યા ત્યારે વાતાવરણ 'ગુરુજી અમારો અંતરનાદ, અમને આપો આશીર્વાદ'ના નારાઓથી ગાજી ઊઠ્યું હતું. આ પ્રસંગે પૂજ્યપાદ આચાર્ય શ્રીમનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજ વગેરે ગુરુવર્યોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં. આજોલ ગામની સમગ્ર જનતા માટે આ પ્રસંગ એક ઐતિહાસિક ઘટના સમો બની રહ્યો હતો.

★ **પૂ**જ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની પાવન નિશ્રામાં તા. ૪.૧૨.૨૦૦૨ના રોજ થલતેજ ગામમાં ભગવતી મહાલક્ષ્મીનું પૂજન ભક્તિસભર વાતાવરણમાં કરવામાં આવ્યું હતું. પરમ ભક્ત શ્રી મનોજભાઈ પટેલ અને તેમના પરિવાર દ્વારા કરાયેલા આ પૂજનમાં ભાવિકો ઉત્સાહભેર જોડાયા હતા. શ્રી મનોજભાઈ પટેલના નિવાસસ્થાન 'કાશીધામ' ખાતેના વિશાળ ખુલ્લા ચોકમાં ભગવતી મહાલક્ષ્મીના મંત્રોચ્ચારોથી પવિત્ર બનેલા વાતાવરણમાં સામેલ થયેલા ભાવિકો જગતની માયા ભૂલીને અહોભાવથી પૂજનમાં એકાકાર બન્યા હતા. ઉપસ્થિત રહેલા સર્વ ભાવિકોને શ્રીમનોજભાઈ દ્વારા ભગવતી પદ્માવતીના એકસો આઠ ફણા સાથેના નયનરમ્ય એક્રેલિક ફોટાઓ યાદગીરી રૂપે પ્રભાવના તરીકે આપવામાં આવ્યા હતા. શ્રી મનોજભાઈના પરિવારજનો દ્વારા આમંત્રિત મહેમાનોની જે બહુમાનથી આગતા સ્વાગતા કરવામાં આવી હતી તે એક યાદગાર પ્રસંગ બની રહ્યો હતો.

★ **પૂ**જ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની પાવન નિશ્રામાં તા. ૧૦.૧૨.૨૦૦૨ના રોજ સેટેલાઇટ વિસ્તારમાં આવેલા 'શરણમ્' વિભાગ ત્રણ ખાતે ભગવતી પદ્માવતીના પૂજન હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ ભક્ત શ્રી રાજેશભાઈ અસુદાણીના બાલ સુપુત્ર નિશાનના જન્મદિન નિમિત્તે તેમના પરિવારજનો દ્વારા કરાયેલા આ પૂજનમાં ઉપસ્થિત રહેલા ભક્તજનોએ મન મૂકીને ભાગ લીધો હતો. ભગવતી પદ્માવતીને અપાતી આહુતિઓના સ્વાહામય પૂજનમાં ભક્તજનો જે રીતે તલ્લીન બનતા હતા તેથી એક અલૌકિક આધ્યાત્મિક વાતાવરણનું નિર્માણ થયું હતું. સમગ્ર આસુદાણી પરિવારે આ અવસરે આમંત્રિત મહેમાનોની સબહુમાન સરભરા કરી હતી. સમગ્ર પરિવાર માટે આ યાદગાર પ્રસંગ બની રહ્યો હતો.

**પૂજ્ય ગુરુ ભગવંતોને નમ્ર વિનંતી...**

જય જિનેન્દ્રનો આરંભ કર્યો ત્યારે અમે વાયદો કર્યો હતો કે આ વરસમાં અમે પૂજ્ય ગુરુદેવોને જય જિનેન્દ્રના અંકો વિના લવાજમે મોકલીશું. ડિસેમ્બર, ૨૦૦૨ સુધી અમે અમારો વાયદો નભાવ્યો છે. અમારી પાસે જેટલા ગુરુભગવંતોનાં સરનામાં હતાં તે તે ગુરુ ભગવંતો ઉપરાંત અમને પોતાનાં કાયમી સંપર્કસૂત્રો મોકલી આપનાર સર્વ ગુરુ ભગવંતોને અમે આટલા સમય સુધી વિના લવાજમે અંકો મોકલ્યા છે.

સર્વ પૂજ્યોને વિનંતી કે આપને અંકો નિયમિત મળતા રહે તે માટે આપશ્રી લવાજમની ગોઠવણ કરશો. લવાજમ જય જિનેન્દ્રના કાર્યાલયે પહોંચતું કરી શકાય છે. પાંચસો રૂપિયા લવાજમ ભરીને આગામી પાંચ વરસ માટે આપના અંકો સિક્યોર કરી લેવા વિનંતી.

# આપનો જાન્યુઆરી મહિનો કેવો જશે?

તીર્થેશ્વર વિદ્યાલંકાર

**મેષ** આવનારા દિવસોમાં કાર્યની સફળતાના યોગો બનવાથી તમે જે ઉત્સાહ અનુભવશો તે તમારી સફળતામાં ઓર વધારે ગતિ કરાવશે. વ્યાપારની વૃદ્ધિથી મનમાં એક નવો જ થનગનાટ પેદા થશે. તમારા યશનો વધારો અને તમારા મિત્રોનું પીઠબળ આ બન્ને પરિબળો તમારા પગમાં જોર લાવવાનું કામ કરશે. ન ધારેલા સ્થાનેથી ઉઘરાણી છૂટી થતી જોઈને તમને પોતાને આશ્ચર્ય થશે! જો તમે નોકરી કરતા હશો તો તમારા બૉસને તમારી ઉપર વધારે ખુશ થતા જોઈને તમને પોતાને આનંદનો આંચકો લાગશે! ટૂંકમાં તમારી માટે આ સમય ફૂલગુલાબી બની રહેનાર છે. આ દિવસોની યાદગીરી લાંબા સમય સુધી વાગોળશો.

**વૃષભ** ધનલાભની દૃષ્ટિએ તમારો આ મહિનો તમારાં ખીસાંને વજનદાર બનાવશે પરંતુ આ મહિનામાં તમારા મિત્રોથી સાચવજો. નાદાન દોસ્તો નાહકની મુસીબતો ઊભી ન કરે તે જોવાની જવાબદારી એમની નહીં, તમારી રહેશે. વધતી આવકને ક્યાં વાપરવી એ મુદ્દે તમારા પરિવારમાં ચણભણાટની શક્યતા ઊભી થાય ત્યારે ડ્રાઈવિંગ સીટનું મહત્ત્વ સમજીને બ્રેકનો ઉપયોગ કેવી રીતે કરવો તે ઠંડે કલેજે વિચારી રાખજો. આ માસમાં તમારા પરિવારના મોભીના આરોગ્યના પ્રશ્નો ઊભા થતા જુઓ તો નવાઈ ન પામશો. અને હા, અશાંતિનાં નિમિત્તો ઊભાં થતાં દેખાય તો જરા ધીરજ અને સાવધાનીથી કામ લેજો.

**મિથુન** કમાયેલા પૈસા વાપરવાનો સમય એટલે આ માસનો સમય. મકાન બનાવવાનું સપનું સેવતા હો તો એમાં કંઈ ખોટું નથી, એને સાકાર કરવા માટે કદમ ઉઠાવો અને એમાં સફળતા મેળવો. સારા સારા સમાચારો આ માસમાં તમારી પ્રતીક્ષા કરી રહ્યા છે. જો તમારૂં કામકાજ કાપડને લગતું હશે તો તમારી સફળતામાં ગુણાકાર થતો જોવા મળશે. લાંબા ગાળાના કોઈ નિર્ણયો લેવાના થાય ત્યારે જરા આગળપાછળનો વિચાર કરીને આગળ વધજો. ઊતાવળે નિર્ણય લઈને નિરાંતે પસ્તાવું ન પડે એટલી સાવધાની રાખશો તો હારની બાજીને પણ જીતમાં પલટી શકશો. આ મહિનો તમને યશ અપાવનાર મહિનો બની રહેશે.

**કર્ક** તમને થોડા સાવધાનીના સંકેત આપવા જરૂરી છે. લાંબા પ્રવાસોમાં સાચવીને આવવા જવાનું ધ્યાન રાખવું જરૂરી ગણાય. સ્નેહીવર્ગમાં ગેરસમજણો ઊભી થઈ હોય તો એકદમ નાજુકાઈથી કામ લઈને વાત વાળી લેવાનો પ્રયત્ન કરશો. કોર્ટ કચેરીની બબાલ ચાલુ હોય તો મુદ્દત પડે તેવી વ્યવસ્થા ગોઠવજો. ઊતાવળે ખોટું જજમેન્ટ આવે તે કરતાં શાંતિથી સાચું જજમેન્ટ આવે તે વધારે લાભદાયક પૂરવાર થશે. જૂની ઉઘરાણીઓ હોય તો સામેવાળાને યાદ દેવડાવવામાં વાંધો નહીં પરંતુ તકાદો ન કરશો. મિઠાશથી સંબંધ જાળવી રાખીને તેમને તક આપશો તો ઘીના ઠામમાં ઘી પડી રહેશે.

**સિંહ** શું તમારો વ્યવસાય 'ક'થી શરૂ થાય છે? તો સફળતા તમારાં ચરણોમાં જ છે. કાગળ, કાપડ, કોલસો, કટલેરી. આ બધા 'ક'વાળા વ્યાપારો તમારી માટે સારા સંદેશ લઈને આવી રહ્યા છે. તમે જ્યાંથી તમારા પૈસા પરત મેળવવા ધારો છો ત્યાં થોડી ખાસ મહેનત કરી લો, જો કૂવામાં હશે તો હવાડામાં જરૂર આવી જશે. જો તમારા કોઈ વ્યાપારી પાર્ટનરો હોય તો ધંધાકીય ગેરસમજણો ઊભી ન થાય તે રીતે કામ લેશો. બેન્કોની જો કોઈ જવાબદારી હોય તો પહેલાં તેને પૂરી કરવા મહેનત કરો. આ માસમાં તમારી માટે સ્થાનપરિવર્તનના યોગો બને છે. નવું મકાન, નવી દુકાન, નવી ઓફીસ તમારી જ રાહ જોઈ રહ્યાં છે.

**કન્યા** ખર્ચખાતાને પહોંચી વળો એટલી કમાણી કરવા માટે કમર કસી લો. જો તમારી મહેનત સાચી દિશામાં હશે તો આ માસમાં તમે ખર્ચને પહોંચી વળશો એમાં શંકા નથી. જો તમે પરદેશ જવાનો કોઈ પ્લાન કર્યો હોય તો તેમાં આગળ વધો, નવા દેશની ધરતી તમારી શક્તિઓની કદર કરવા આતુરતાથી રાહ જોઈ રહી છે. જો તમે જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા હો તો આ મહિનો તમારી માટે એક આકર્ષક તક બની રહેનાર છે. જો તમે વિદ્યાર્થી હો તો આ માસમાં તમારે થોડી ખાસ મહેનત કરી લેવી જોઈએ, વધુ પડતો આત્મવિશ્વાસ દગો ન દઈ જાય એ માટે નક્કર અભ્યાસમાં જીવ પરોવી દેશો તો જંગ જીતી જશો.

**તુલા** આ મહિનો એટલે પારિવારિક અને ધંધાકીય બાબતો અંગે સાવધાન રહેવા જેવો સમય. એક દિવસ ચિંતા અને બીજા દિવસે શાંતિ એવા ચડઉતરના સમયમાંથી પસાર થવું પડે એવા યોગો બનતા હોય ત્યારે સ્વાભાવિક રીતે જ સાવધાની વરતી લેવી જોઈએ. જ્યાંથી નાણાં આવવાની સંભાવના વિચારી હશે ત્યાંથી જ્યારે આવવા જોઈએ તે કરતાં મોડાં આવવાના કારણે તમારાં કાર્યો ખોરવાતાં હોવાના અનુભવો થવાનો સંભવ રહે છે. સરકારી કામકાજો પાર પડવાની અણી ઉપર હોય ત્યારે જ એમાં અવરોધ આવીને તેમાં પણ વિલંબના અનુભવો થશે. એકંદરે સલામતી પૂર્વક પસાર કરવા જેવો સમય ગણાય.

**વૃશ્ચિક** જો તમે હાર્ટપેશન્ટ હો તો આ માસમાં તબિયતનું ખાસ ધ્યાન રાખશો. વાહનવ્યવહારમાં પણ તમારે આ માસમાં ખાસ સાચવી લેવું જોઈએ. વાહન થોડું ધીમું ચલાવવાથી કશું બગડી જતું નથી. જો તમારે કોઈ નોકરી હોય તો તમારા બૉસ ઉશ્કેરાય નહીં તેવું વર્તન રાખશો. જો તમે વ્યાપારી હો તો થોડી સાવચેતી રાખશો. બિનજરૂરી સાહસથી ગેરલાભ ન થાય તે માટે સાવધ રહેવાથી નુકસાનીને લાભમાં ફેરવી શકશો. આ માસમાં કોઈ સાથે સંઘર્ષમાં ન ઊતરવું પડે તે જોજો. કાર્યો નહીં થાય એમ તો નહીં, પરંતુ તે થોડાં ધીમાં થાય એમ જરૂર બની શકે. વ્યવહારમાં બને એટલા સંયત રહેશો તો એકંદરે લાભકારક થશે.

**ધનુ** આ માસમાં તમને વિચારોની વણઝારનો અનુભવ થશે. એક વિચારમાંથી બીજા વિચારમાં અને બીજા વિચારમાંથી ત્રીજા વિચારમાં મન ફરતું રહેશે. તમને પોતાને આશ્ચર્ય થશે કે તમારા વિચારો ડામાડોળ કેમ થઈ ગયા છે! આ મહિનામાં કદાચ ક્યાંક પડવા આખડવાથી વાગવાનું બને એવી સંભાવનાઓ ખરી. સંતાનોના પ્રશ્નો પણ તમારી માટે કેટલીક મુંઝવણો ઊભી કરશે, પણ તમારી દૂરંદેશિતા તેમાંથી માર્ગ કાઢશે. તમારા જીવનસાથીના આરોગ્ય માટે થોડી ખાસ દરકાર કરી લેજો. તેના આરોગ્ય માટે થોડું બજેટ પહેલેથી તૈયાર રાખશો તો મહત્ત્વની પળે દોડાદોડીમાંથી બચી જશો. નમો સિદ્ધાણંનો જાપ લાભદાયક બને.

**મકર** મજાની પળો તમારી રાહ જોઈ રહી છે. પ્રવાસ, જૂના દોસ્તો સાથે મુલાકાત, ન ધારેલા સ્થળેથી ધનલાભ વગેરેમાંથી કંઈ પણ બની શકે છે. શું તમારા મકાનને રિનૉવેશનની જરૂરત છે? તો તે કામ આ સમયમાં પાર પાડી દેવું જોઈએ. જો નવા મકાનનું પ્લાનિંગ કરવું હોય તો પણ તમારી માટે આ ઉત્તમ સમય છે. આ માસમાં તમને યશ મળે એવાં કેટલાંક કાર્યો તમારા હાથે થશે. એક બાબતની સાવધાની રાખજો : તમારા ઘર કે ઓફીસમાંથી કોઈ વસ્તુ આઘીપાછી ન થાય તેવી તકેદારી રાખવી પડશે. તમારી બેદરકારીના કારણે કોઈ નિર્દોષ વ્યક્તિ દંડાઈ ન જાય તેનું ધ્યાન રાખવું એ તમારી ખાસ અને મહત્ત્વની ફરજ છે.

**કુંભ** આ માસમાં તમને કેટલીક પરોપકારની તક મળશે. થોડું ખેંચાઈને પણ પરોપકારની તક ચૂકશો નહીં. સામેવાળાએ તમારા માટે કંઈ સારૂં કર્યું હતું કે નહીં તેવા મુદ્દાઓને ગૌણ ગણીને ચાલજો. આ માસમાં નવાં ધંધાકીય કામો થશે. જો તમે દલાલીના વ્યવસાય સાથે સંકળાયેલા હો તો તમારી માટે આ સમય લાભદાયક છે અને જો તમારો વ્યવસાય અનાજ કરિયાણા સાથે સંકળાયેલો હોય તો તો તમારી માટે મજા જ મજા છે. આ માસમાં તમારા પરિવારમાં વધારો થવાના અણસાર દેખાઈ રહ્યા છે અને તમારા સ્નેહીઓ તમારા હાથે પેંડા ખાવાની રાહ જોઈ રહ્યા છે! આ માસ તમારી માટે યાદગાર મહિનો બની રહેશે.

**મીન** માનસિક અસ્વસ્થતા તમારા આરોગ્ય ઉપર અવળી અસર ન કરે તે માટે સજાગ રહેજો. તમારો સ્વભાવ જો ગુસ્સાવાળો હોય તો તેના ગેરફાયદા અનુભવવા ન પડે તે તમારે જ જોવું પડશે. કોઈની સાથે મનદુઃખના પ્રસંગો ઊભા ન થાય તે અંગે સભાન રહેશો તો આ માસમાં ઘણી આફતોમાંથી બચી જશો. હાઈપર એસીડીટી અને હાઈપ્રેશર જેવી બિમારીઓથી બચવું હોય તો તમે થોડા ગુરુના જાપ કરો. તે ન ફાવે તો 'નમો આયરિયાણં' એ પદના જાપ તમારી માટે ખૂબ લાભદાયક પૂરવાર થશે. શક્ય હોય તો એકવાર તમારા પરિચિત જ્ઞાની ગુરુનાં દર્શન કરી આવો. આ તમારી માટે રામબાણ ઇલાજ બની રહેનાર છે.

# ગ્રહદશા અને તેનું ફળ

પૂજ્ય સાધ્વી શ્રી જિતપૂર્ણાજી મહાસતીજી

લેખાંક બીજો

## દશાધિપતિ ચંદ્ર કઈ રાશિમાં હોય તો કેવું ફળ આપે?

*ગયા અંકમાં આપણે સૂર્યની મહાદશાનું ફળ જોયું હતું. આ અંકમાં આપણે ચંદ્રની મહાદશાનું ફળ જોઈશું. ચંદ્રની મહાદશાનો ગાળો દસ વરસનો છે.*

*ચંદ્ર એ એક એવો ગ્રહ છે જેને આપણે શાંતિથી જોઈ શકીએ છીએ. વધુ સમય સુધી જોઈ શકીએ છીએ. તેની વધતી જતી કળાઓ અને ઘટતા જતા તેજ; એ બન્ને સ્થિતિના આપણે સાક્ષી બનીએ છીએ.*

*કવિઓને કવિતા ન સૂઝે ત્યારે તેમની માટે ચંદ્ર એ હાથવગું સાધન બની રહે છે. ચંદ્રના દર્શનમાત્રથી કવિને કવિતાઓ સ્ફુરવા લાગે છે. કહે છે કે ચંદ્રની કળાઓની વધઘટ સાથે મનુષ્યના 'મૂડ'નો સીધો સંબંધ છે. ચંદ્ર ખીલે છે તેમ માનવ પણ ખીલે છે અને ચંદ્ર નિસ્તેજ બને છે તેમ માનવ પણ નિસ્તેજ બને છે. તીર્થંકરોનાં ચરણોમાં લાંછનરૂપે બેસવાનું સૌભાગ્ય માત્ર ચંદ્રને જ મળ્યું છે. આઠમા ચંદ્રપ્રભસ્વામી ભગવાનના લાંછનરૂપે ચંદ્રને સ્થાન મળ્યું છે. આ માટે બાકીના કોઈ ગ્રહનો ગજ વાગ્યો નથી!*



*માણસના જીવનમાં ચંદ્રનું સ્થાન સૌથી વધારે મહત્તા ધરાવે છે. તમારું નામ ચંદ્રને આધીન છે. તમે જન્મે છો ત્યારે સૌથી પહેલાં એ જોવામાં આવે છે કે એ વખતે તમારો ચંદ્ર કઈ રાશિમાં છે! અને પછી એના આધારે તમારી એક આગવી ઓળખ નક્કી થાય છે. આવા જ્યોતિષીના લાડીલા અને કવિઓના માનીતા ગ્રહ ચંદ્રની મહાદશા ચાલતી હોય ત્યારે જીવનમાં કેવો ચડાવ ઉતાર આવે છે તે જાણવું રસપ્રદ થશે.*

જે જાતકના જન્મસમયે ચંદ્ર મેષ રાશિમાં હોય તેને ચંદ્રની મહાદશાના સમયગાળામાં વિશેષ ધનલાભ થાય છે.

જે જાતકના જન્મસમયે ચંદ્ર વૃષભ રાશિમાં હોય તેને ચંદ્રની મહાદશાના સમયગાળામાં કીર્તિ, પ્રતિષ્ઠાની પ્રાપ્તિ તથા અનેક પ્રકારની વસ્તુઓનો લાભ થાય છે.

જે જાતકના જન્મસમયે ચંદ્ર મિથુન રાશિમાં હોય તેને ચંદ્રની મહાદશાના સમયગાળામાં અનેક પ્રકારની વિદ્યા પ્રાપ્ત થાય છે.

જે જાતકના જન્મસમયે ચંદ્ર કર્ક રાશિમાં હોય તેને ચંદ્રની મહાદશાના સમયગાળામાં બહુ ધનલાભ થાય છે.

જે જાતકના જન્મસમયે ચંદ્ર સિંહ રાશિમાં હોય તે ચંદ્રની મહાદશાના સમયગાળામાં ઉત્તમ વિદ્યાભ્યાસ કરે છે તથા શાસ્ત્રોનો જાણકાર તત્ત્વજ્ઞ બને છે.

જે જાતકના જન્મસમયે ચંદ્ર કન્યા રાશિમાં હોય તેને ચંદ્રની મહાદશાના સમયગાળામાં શત્રુથી પીડા તથા માતા-પિતાથી વિયોગ થાય છે તેમજ હંમેશાં કલહ કજિયો રહ્યા કરે છે.

જે જાતકના જન્મસમયે ચંદ્ર તુલા રાશિમાં હોય તેને ચંદ્રની મહાદશાના સમયગાળામાં શુભ અને અશુભ; બન્ને સ્થિતિઓનો સામનો કરવો પડે છે. અશુભફળ રૂપે તેના ધનનો વિનાશ તેમ આપ્તજનોથી વિદ્વેષ થાય છે અને શુભફળરૂપે તેને તીર્થયાત્રાના ફળની સિદ્ધિ મળે છે. ઉપરાંત તેના વિરોધીઓની પીછેહઠ થાય છે.

જે જાતકના જન્મસમયે ચંદ્ર વૃશ્ચિક રાશિમાં હોય તેને ચંદ્રની મહાદશાના સમયગાળામાં સરકાર તરફથી વિરોધ, બંધુજનોનો નાશ, ઇચ્છિત કાર્યોમાં વિફળતા, ધનનાશ અને માનહાનિ જેવાં અશુભ ફળો મળે છે.

જે જાતકના જન્મસમયે ચંદ્ર ધન રાશિમાં હોય તેને ચંદ્રની મહાદશાના સમયગાળામાં જીવનસાથી અને સંતાનો તરફથી સુખ, બંધુવર્ગનું હિત, ઉત્તમ પ્રકારનાં રત્નો તથા આભૂષણોની પ્રાપ્તિ તેમજ ગોધન, ભૂમિધન અને ધાન્યમાં અભિવૃદ્ધિ થાય છે.

જે જાતકના જન્મસમયે ચંદ્ર મકર રાશિમાં હોય તેને ચંદ્રની મહાદશાના સમયગાળામાં જમીન જાયદાદની વૃદ્ધિ, સર્વ પ્રકારની કુશળતા થાય છે અને આ દશા તેને તીર્થયાત્રાનું ફળ આપનારી થાય છે. તે ઉપરાંત આવા જાતકને ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો તેમજ સંપત્તિલાભ જેવી સિદ્ધિ મળે છે.

જે જાતકના જન્મસમયે ચંદ્ર કુંભ રાશિમાં હોય તેને ચંદ્રની મહાદશાના સમયગાળામાં ભૂમિનાશ અને રાજા તરફથી ભય રહે છે. શત્રુથી પીડા, ક્લેશ તથા સ્થાનનાશ તેમજ માનસિક પરિતાપ જેવાં અશુભ ફળ મળે છે.

જે જાતકના જન્મસમયે ચંદ્ર મીન રાશિમાં હોય તેને ચંદ્રની મહાદશાના સમયગાળામાં ભૂમિલાભ, સત્ત્વસિદ્ધિ, દેવતાપૂજન, સુપાત્ર અને પૂજ્યોને દાન વગેરે શુભ કાર્યોનો અવસર પ્રાપ્ત થાય છે તથા અભીષ્ટ કાર્યોની સિદ્ધિ મળે છે.

### ચંદ્ર અંગે આટલું જાણી લો

*ગ્રહમંડળમાં સૌથી ઝડપી ગ્રહ ચંદ્ર છે. અંદાજે માત્ર અઢી દિવસમાં જ ચંદ્ર એક રાશિમાંથી બીજી રાશિમાં જતો રહે છે. સમગ્ર રાશિચક્રમાં પરિભ્રમણ કરતાં ચંદ્રને ૨૭ દિવસ, ૭ કલાક, ૪૩ મિનિટ અને ૧૧ પોઈન્ટ ૫૧૦૪ સેકંડ લાગે છે! આવાં બાર પરિભ્રમણ પૂરાં થાય ત્યારે એક ચાંદ્ર વર્ષ થયું એમ કહેવાય છે. આ ચાંદ્ર વર્ષની લંબાઈ ૩૨૭ દિવસ, ૨૦ કલાક, ૩૮ મિનિટ અને ૧૮ પોઈન્ટ ૧૨૪૮ સેકંડની હોય છે. ભારતીય પંચાંગનો સૌથી મોટો આધાર ચંદ્રના ગણિત ઉપર હોય છે.*

*ચંદ્ર વૃષભ રાશિમાં હોય ત્યારે ઉચ્ચનો બને છે, વૃશ્ચિક રાશિમાં તે નીચનો બને છે અને કર્ક રાશિમાં તે સ્વગૃહી થાય છે. દીક્ષા, પ્રતિષ્ઠા, લગ્ન વગેરે જીવનની બધી જ મહત્ત્વની બાબતો મુખ્યત્વે ચંદ્રને જ કેન્દ્રમાં રાખીને નક્કી કરવામાં આવે છે.*

## આપનો પત્ર મળ્યો



'**નૂતન** વરસે નવી આશી'ના લખાણથી (નવેમ્બર, ૨૦૦૨) અમારૂં બેસતું વરસ સુધરી ગયું. સો ગ્રીટિંગ્સ કાર્ડ જે ન કહી શકે તે એક જ લેખમાં કહેવાઈ ગયું. શ્રીબુદ્ધિસાગરજી મહારાજ સાહેબનું આવું બીજું સાહિત્ય આપતા રહેશો.

**શશિકાન્ત વોરા** (મુલુંડ, મુંબઈ)

'**અવતરણ**' શીર્ષક નીચેનાં લખાણ ખરેખર ખૂબ સુંદર હોય છે. આના વાંચનથી મનને ઘણી શાતા મળે છે. 'આગમનો આસ્વાદ' કૉલમમાં પણ ઘણું જાણવા મળે છે.

**ચંપાબેન મહેતા** (ઉધના, સુરત)

છેલ્લા પાના ઉપરના કટાક્ષ ખૂબ વેધક હોય છે, જો સમજનારા સમજી શકે તો. 'એક મુનિવરની ડાયરી' હમણાંથી કેમ ગાયબ છે?

**નિરંજનભાઈ શાહ** (ધીકાંટા, અમદાવાદ)

હવે જાહેર સંસ્થાઓ પણ આવકવેરાના સપાટામાં... આંખો ખોલનારો પ્રયત્ન. જૈનો જો સમયસર જાગશે નહીં તો સમગ્ર ધર્માદો આવકવેરાના નામે સરકારની તિજોરીમાં જતો રહેશે. આપણાં તીર્થો અને દેરાસરોમાં થતી આવકો ઉપર તો સરકારનો ડોળો ક્યારનોય છે જ. સકલ જૈન સમાજ આપસી ભેદભાવો ભૂલીને આ મામલે એક થાય એ સમયનો તકાજો છે.

**ઈશાન આર સંઘવી** (દાદર, મુંબઈ)

*આવકવેરાના લખાણને બિરદાવતા પત્રો અનેક વાચકો તરફથી મળ્યા છે. આ એક સામાજિક જાગૃતિની તંદુરસ્ત નિશાની છે. સર્વ વાચકોના પત્રો તો અહીં સમાવી શકતા નથી પરંતુ દરેકનો સૂર ઉપર આપેલા ઈશાનભાઈના પત્ર જેવો જ છે. – સંપાદક*

## ઘટમાળ

★ **પૂજ્યપાદ** પરમ તપસ્વી આચાર્ય શ્રીવિજય હિમાંશુસૂરીશ્વરજી મહારાજ ૯૬ વરસની જૈફ વયે જૂનાગઢ મુકામે કાળધર્મ પામ્યા છે. માગસર સુદ ૧૪, તારીખ ૧૮.૧૨.૨૦૦૨ના રાત્રિસમયે કાળધર્મ પામેલા પૂજ્ય આચાર્યશ્રીની ચિરવિદાયના સમાચારો બહાર આવતાં જ જૈનસંઘમાં સન્નાટો છવાયો હતો અને ગામેગામથી ભાવિકોનો પ્રવાહ પૂજ્યશ્રીના અંતિમ દર્શનાર્થે જૂનાગઢ તરફ વહેતો થયો હતો. સદ્‌ગત આચાર્યશ્રી છેલ્લા કેટલાક સમયથી અસ્વસ્થ રહેતા હતા. આખરે માગસર સુદ ૧૪ની રાત્રિએ પૂજ્યશ્રીનો જીવનદીપ બુઝાઈ ગયો હતો.

માગસર વદ એકમના સવારે શેઠ હેમાભાઈના વંડેથી નીકળેલી પૂજ્યશ્રીની અંતિમયાત્રા જૂનાગઢના મુખ્ય માર્ગો ઉપર ફરી ત્યારે 'જય જય નંદા, જય જય ભદ્દા'ના નાદોથી આકાશ છવાઈ ગયું હતું. ગિરનાર ગિરિવર ઉપર આવેલી સહસાવનની પાવન ભૂમિ ઉપર અંતિમયાત્રા પહોંચી ત્યાં સુધીમાં તો હજારોની સંખ્યામાં માનવમહેરાણ ઊમટી પડ્યો હતો. સર્વ જ્ઞાતિ અને સંપ્રદાયના લોકો અશ્રુભીની આંખે અંતિમયાત્રામાં જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે સહસાવન તીર્થનો ઉદ્ધાર પણ સદ્‌ગત આચાર્યશ્રીની પાવન પ્રેરણાથી જ ચાલી રહ્યો હતો. પૂજ્યશ્રીની પ્રેરણા દ્વારા નિર્મિત નૂતન જિનમંદિરની સામેના સ્થળે જ પૂજ્યશ્રીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ સમયે વિશિષ્ટ પ્રકારનું ગંભીર વાતાવરણ સર્જાયું હતું.

વિક્રમ સંવત ૧૯૬૩ના ચૈત્ર સુદ ૬ના દિવસે પોતાના મોસાળ લીંબોદરા ખાતે જન્મેલા અને મૂળ માણેકપુરના નિવાસી એવા આચાર્યશ્રીએ વિક્રમ સંવત ૧૯૯૦ના અષાઢ સુદ એકમે અમદાવાદ મુકામે પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ 'બાપજી'ના વરદ હસ્તે દીક્ષા ગ્રહણ કરી હતી અને પૂજ્ય પ્રખર શાસનપ્રભાવક આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું શિષ્યત્વ સ્વીકાર્યું હતું. પૂજ્યશ્રી સંવત ૨૦૧૫માં ગણિ તથા પંન્યાસ પદ અને સંવત ૨૦૨૯માં આચાર્ય પદે આરૂઢ થયા હતા. આચાર્યશ્રી પોતાની સરળતા અને તપોનિષ્ઠા માટે જૈન શાસનમાં હંમેશાં યાદ રહેશે. પૂજ્યશ્રીના કાળધર્મથી જૈનસંઘે એક અમૂલ્ય રત્ન ગુમાવ્યું છે. *જય જિનેન્દ્ર* પરિવાર પૂજ્યશ્રીનાં ચરણોમાં પોતાની શ્રદ્ધાંજલિ અર્પવા સાથે પૂજ્યશ્રીનો આત્મા જલદી અષ્ટકર્મોથી મુક્ત બનીને સિદ્ધિપદને પ્રાપ્ત કરે એવી ભાવાંજલિ સમર્પિત કરે છે.

★ જૈન સમાજના જાણીતા વિદ્વાન પ્રો. ઊજમશીભાઈ કાપડિયાનો તારીખ ૩.૧૨.૨૦૦૨ના દેહવિલય થયો છે. ૭૮ વરસની પાકટ વયે અવસાન પામેલા શ્રી ઊજમશીભાઈએ અમદાવાદની આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંસ્થા લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઇન્ડોલોજીમાં વરસો સુધી પોતાની સેવાઓ આપી હતી. ગુજરાત યુનિવર્સિટીમાં આર્ટસ વિભાગના ડીન તરીકે પણ તેમણે અનેક યશસ્વી કાર્યો કર્યાં હતાં. શિક્ષણ અને પત્રકારત્વ એ એમના માનીતા વિષયો હતા. સદ્‌ગત કાપડિયાની વિદાયથી શિક્ષણજગત વધુ રાંક બન્યું છે. *જય જિનેન્દ્ર* પરિવાર તેમના શોકતપ્ત પરિવારજનોને સંવેદના પાઠવવા સાથે સદ્‌ગતને પોતાની શ્રદ્ધાંજલિ અર્પિત કરે છે.

★ જૈન પાઠશાળાઓમાં શિક્ષણ સાથે સંકળાયેલા પંડિતવર્યોનું ત્રૈવાર્ષિક અધિવેશન તાજેતરમાં ઉત્તર ગુજરાતના મહેસાણા નજીક આવેલા નંદાસણ તીર્થે યોજાઈ ગયું. મધુર વક્તા પૂજનીય જ્યોતિર્વિદ આચાર્ય શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીની પાવન નિશ્રામાં યોજાયેલા ત્રણ દિવસના આ અધિવેશનમાં જૈન સમાજના અનેક નામાંકિત વિદ્વાનોનું બહુમાન કરવામાં આવ્યું હતું. જાણીતા પંડિતવર્ય શ્રી વસંતભાઈના સંચાલન નીચે છેલ્લાં

**અનુસંધાન જથા પાને**

**બોધપાઠ**

જો તમે મસ્તક અને હૃદયને સાચી દિશા તરફ વાળી શકો તો પગ અંગે ફિકર કરવાની જરૂર રહેતી નથી.

●

**સ્પંદન**

*જેને નજર કિનારો ગણી હસી ઊઠી,*
*ડૂબી છે ત્યાં જ નાવ મુકદ્દરની વાત છે.*
*'મનહર' હું સ્વપ્નમાંય નથી કોઈને નડ્યો,*
*તો પણ મળ્યો છે ઘાવ મુકદ્દરની વાત છે...*

●

**ના હોય!**

'આ લોકો લગ્નજીવનની સુવર્ણજયંતી ઊજવી રહ્યા છે, આને તમે શું માનો છો?'
'સહનશીલતાનો મોટામાં મોટો પૂરાવો!'

अहो कार्टूनम् !




**મુદ્રક : શિવકૃપા ઓફસેટ પ્રિન્ટર્સ, ૨૭ અમૃત ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, અમદાવાદ.**